ધર્મ પ્ર

ભાષાંતર

વકુ નિવારે

ભાઈલાલ કપુર

આલોચના પાઠના ભ

બારસદ.

આવૃતિ ૧ લી.

અમદાવાદ.

શ્રી રત્નસાગર પ્રીન્ટીંગ પ્રેસમ

વીરનિર્વાણ સંવત ૨૪૩૫

કિમ્મત રૂ ૦-૩-૦

ॐ

ધર્મ પ્રબોધની.

જેમાં

અન્યમતના પ્રમાણિક પ્રસિદ્ધ ગ્રન્થોમાંથી જૈન ધર્મની પ્રાચિનતા તેમજ જૈન તીર્થંકરોની પ્રશંસા અને ભક્તિ, નગ્ન દિગમ્બર અવસ્થાની આવશ્યકતા અને રાત્રિભોજન કંદમૂળ વિગેરે ભક્ષણનો ત્યાગ સારી રીતે સિદ્ધ કર્યો છે.

ભાષાંતર કર્તા.

વડુ નિવાસી.

ભાઈલાલ કપુરચંદ શાહ.

બોરસદ.

આવૃતિ ૧ લી. પ્રત ૧૦૦૦

અમદાવાદ.

ધી રત્નસાગર પ્રીન્ટીંગ પ્રેસમાં છાપ્યું.

વીરનિર્વાણ સંવત ૨૪૩૫ સને ૧૯૦૯

કિમ્મત રૂ ૦-૩-૦

પ્રસ્તાવના.

સ્પષ્ટ છે કે સંસારી પુરૂષ મોહને વશ થઇ અનેક પ્રકારનાં દુઃખ ભોગવે છે. સંસારના પાસથી છુટીને પોતાના આત્મસ્વરૂપમાં મગ્ન થવાથી એ દુઃખ દૂર થાય છે અને અત્યાનંદ પ્રાપ્ત થાય છે. સંસારનાં બંધનથી છુટવાનો ઉપાય એજ કે સંસારના સર્વે પ્રકારના પરિગ્રહનો શક્તિ અનુસાર ત્યાગ કરવો એટલે નગ્ન અવસ્થા ધારણ કરી પોતાના આત્મામાં ધ્યાન લગાવવું. એ ઉપાયથી અનેક ભવ્ય જનોએ સંસારના દુઃખથી છુટીને મુક્તિ પ્રાપ્ત કરી છે. આપણે સંસારી પુરૂષ અનેક પાપમાં ફસ્યા છીએ, આપણાથી તદ્દન પરિગ્રહનો ત્યાગ થઈ શકતો નથી એવા હેતુએ મમત્વ ન છુટવાને લીધે આપણાથી આત્મારૂઢ થઈ શકાતું નથી. તેથી આપણે ફક્ત એ કરી શકીએ કે પાપરૂપ રાગને તથા તેનાં સંતાન જે ક્રોધ, માન, માયા લોભ તેમને છોડીને એવા મહાન પુરૂષોની ભક્તિ અને ગુણાનુવાદમાં રાગ લગાવવો એટલે જેમણે મુક્તિ પ્રાપ્ત કરી છે તેમની વૈરાગ્ય નગ્ન અવસ્થાનું ધ્યાન ધરવું જેથી આપણાં પરિણામ પણ પરિગ્રહ ત્યાગવા તરફ દોરાય. જૈની લોક એવાજ મહાન પુરૂષોની નગ્ન મૂર્તિ પોતાના મંદિરમાં રાખે છે અને નિત્ય તેમનાં દર્શન કરી વૈરાગ્ય અવસ્થાનું ધ્યાન ધરે છે. મોહ માણસને અંધ બનાવે છે તે હોવાથી સારૂં નરસું અને સત્ય અસત્યનો વિચાર રહેતો નથી. એજ કારણને લીધે પ-

ક્ષપાત પેદા થાય છે. એ પક્ષપાત બીજા પુરૂષોનાં ગમે તેવાં કાર્ય લાભકારક હોય તોપણ અરૂચી પેદા કરાવે છે અને એ કાર્યોની નિંદા કરવા પ્રેરે છે. કાળ બળે કરી સંસારમાં અજ્ઞાનરૂપી અંધકાર બહુજ પ્રસર્યો છે, અને મોક્ષ પ્રાપ્તિનો ઉપાય તદ્દન અદ્રશ્ય થયો છે ને ઘટતે ઘટતે એ દશા થઈ છે કે એ મહાન પુરૂષો કે જેઓએ સંસારિક પરિગ્રહનો ત્યાગ કરીને આત્મશુદ્ધિ કરીછે તેમની ભક્તિ પણ ઓછી થઇ ગઇ છે. એ માર્ગ, જેનાથી મુક્તિ પ્રાપ્ત થાય છે તે, જૈન ધર્મ અર્થાત્ ભગવાન પ્રેરિત ધર્મ છે, અને એ ધર્મની શ્રદ્ધા રાખી કષાય વિગેરે જીતનાર જૈની કહેવાય છે હજુ પણ સંસારમાં બહુ અંધકાર છે, અને જૈનીઓના આચાર પણ અન્યમતી જેવા ભ્રષ્ટ થયા છે તોપણ આજ સુધી જૈનીઓમાં પરિગ્રહ ત્યાગી મહાન પુરૂષોની ભક્તિ ચાલે છે એજ કારણથી તે એ મહાન પુરૂષોની પરિગ્રહ* રહિત નગ્ન મુર્તિ બનાવરાવે છે અને નિત્ય દર્શન કરે છે. પરંતુ બહુજ શોક ને આશ્ચર્યની વાત છે કે અમારા હિંદુભાઈ જૈનીઓની આ ભક્તિની નિંદા કરે છે અને આભુષણથી શણગારીને પરિગ્રહવાળી મુર્તિનું દ-

---

* પરિગ્રહ મુખ્ય બે પ્રકારના છે.—બાહ્ય પરિગ્રહ અને અંતરંગ પરિગ્રહ, બાહ્ય પરિગ્રહના દશ પ્રકાર છે—ક્ષેત્ર (field), વાસ્તુ, હિરણ્ય (silver, wealth), સુવર્ણ (gold, ornaments) ધન, ધાન્ય, દાસી, દાસ, કુપ્ય (cloth) ભાંડ. અંતરંગ પરિગ્રહ ચૌદ પ્રકારના છે.

શૅન કરવું બહુ ઉત્તમ માને છે, એ કાર્યમાં અમારા હિંદુભાઈઓ ને પક્ષપાતે એટલે સુધી ઘેર્યા છે કે અકસ્માત્ પણ નગ્ન મુર્તિનું દર્શન થવું એ પાપ સમજે છે અને એજ હેતુથી તેઓ ઘણું કરીને નગ્ન મુર્તિને બજારમાં કાઢતાં ઝગડો કરે છે. એ પક્ષપાત સુચક એવા એવા શ્લોક ઘડી લોકોને સન્માર્ગથી વિમુખ રાખવા કહ્યું છે કે **हास्तिना ताडयमानोऽपि नगच्छेज्जिन मंदिरम्** જો કોઈ પુરૂષ મસ્ત હાથીની ઝપટમાં આવે અને બચવાને જૈન મંદિર સિવાય કોઈ બીજુ સ્થાન ન હોય તોપણ જૈન મંદિરમાં ન જવું; આ સ્થાનપર અમે અમારા હિંદુભાઈઓને પ્રાર્થના કરીએ છીએ કે કૃપા કરીને આપના ગ્રન્થો જોશો તો તેમાંથીજ તમને એ દેવતાઓની પ્રશંસા અને તેમની ભક્તિ કરવાનો ઉપદેશ મળશે. જે પ્રતિમા જૈની લોક પુજે છે અને જેમને તેઓ સિદ્ધ માને છે તેજ પ્રતિમાની સેવા ઉપાસના કરવાનો ઉપદેશ તેમાંથી પણ મળશે. આ નાના સરખા પુસ્તકમાં કેટલાક શ્લોકો આપણા હિંદુભાઈઓના ગ્રન્થોમાંથી નોંધ્યા છે તે એવા હેતુથી કે ઉપર કહેલી વાત સિદ્ધ થાય અને આપણા હિંદુ ભાઈઓના પક્ષપાત દૂર થઈ આપસમાં (અન્યોન્યમાં) ધર્મભાવ વધે અને અજ્ઞાન મટે. આપણા હિંદુભાઈઓ રાતમાં ભોજન ન કરવું, ગાળીને પાણી પીવું, જીવ હિંસા ન કરવી વગેરે કાર્યોને પણ તિરસ્કારની દૃષ્ટિથી જુએ છે અને તેને એકલા જૈનમતથી ઉપસ્થિત થયેલાં ગણી હસી કાઢે છે, આ પુસ્તકમાં એ પણ બતાવવામાં

આવેલું છે કે હિંદુ શાસ્ત્રોમાં પણ રાત્રિમાં ભોજન ન કરવું, ગાળીને પાણી પીવું, વિગેરે આજ્ઞા લખી છે અને તેની અવશ્યકતા ધારી કાર્યનું વર્ણન કરયું છે. જે લોક હિંસામાં ધર્મ અને યજ્ઞમાં પશુને હોમવા એ ક્રિયારૂપી ધર્મ બતાવે છે તે લોક આંધળા થઈ બીજાને પણ ખાડામાં નાંખે છે. પાતાન્જલ યોગ સુત્રમાં પણ યમ તથા નિયમ બે પ્રકારની ક્રિયા બતાવી છે. યમમાં અહિંસાવ્રત પ્રધાન ગણ્યું છે અને તેજ યમને આગળ ઉપર મહાવ્રત કહી સંસારીઓને માટે એક દેશ પાળવા આજ્ઞા કરી છે **अहिंसापरमोधर्मः यतोधर्मस्ततो जयः** પુર્વકાળમાં મહન્ત આચાર્યોએ જૈન ધર્મની ધ્વજા સર્વત્ર ફેલાવી હતી, પરંતુ આજ આપણી કોમમાં આચાર્યોના અભાવ છે તેથી અમારા ભોળા જૈની ભાઇઓ અમુલ્ય જૈન ધર્મ છોડી આર્યસમાજી ઇસાઇ, ક્રિશ્ચિત, ઇત્યાદિ ધર્મમાં ભ્રષ્ટ થાય છે તેવા કોઇ અન્ય માર્ગે ન દોરાય એ હેતુથી મેં અલ્પબુદ્ધિથી આ ભાષાંતર તૈયાર કર્યું છે.

આશા છે કે અજ્ઞાન અંધકારને દૂર કરવા અને પક્ષપાતને મટાડવામાં આ નાનું સરખું પુસ્તક બહુજ ઉપકારી થશે અને ધર્મી ભાઇઓને ભ્રષ્ટ માર્ગથી હઠાવીને શાસ્ત્રાનુસાર ધર્મ માર્ગમાં લગાડશે.

ઉપરની પ્રસ્તાવના તેમજ ભાષાંતર પણ મેં શ્રીયુત શંકરલાલ જૈન (રૂહાણા) ના ધર્મ પ્રબોધની પુસ્તકને આધારેજ

કર્યું છે, ગુર્જર બંધુઓને આ પુસ્તક ખાસ ઉપયોગી છે તેથી મારી ખાસ એ વિનંતિ છે કે તેમણે આ પુસ્તકનો નિરંતર ઉપયોગ કરવો.

સદરહુ ભાષાંતરમાં સુધારો કરવામાં પંડિતજી માણકચંદજીએ તથા માસ્તર સાંકરલાલે યોગ્ય મદદ કરીછે માટે હું તેમનો ઉપકાર માનું છું તથા તેમાં જે કંઇ ખામી દૃષ્ટિગોચર થાય તે તરફ સુજ્ઞ વાંચક વર્ગને ક્ષમાબુદ્ધિ રાખી જણાવવાની વિનંતિ કરવામાં આવે છે.

વીરનિર્વાણ સં. ૨૪૩૫ વિક્રમ સં. ૧૯૬૫ ભાદરવા શુકલ ૫
ખાનગી દવાખાના
બોરસદ (ખેડા.)

લી. જાતિબંધુ
શા. ભાઇલાલ કપુરચંદ.
કંપાઉન્ડર.

॥ श्रीगणधराय नमः ॥

धर्म प्रबोधनी.

श्री ऋषभनाथ आदि तिर्थंकर जेमनी भक्ति जैनी लोक करे छे अने मूर्ति बनावी दर्शन करे छे तेमनुं वर्णन हिंदु भाइओना ग्रन्थमां नीचे प्रमाणे लख्युं छे.

॥ श्री भागवत् ग्रन्थ ॥

नित्यानुभूतनिजलाभ निवृत्त तृष्णा
श्रेयस्यतद्रचनयाचिरसुप्तबुद्धेः ।
लोकस्ययो करुणयोभयमात्मलोक.
माख्यान्नमो भगवते ऋषभायतस्मै ॥

अर्थ—हमेशाने माटे प्राप्त करेला आत्मलाभथी जेमनी तृष्णा दूर थई छे अने जेमणे कल्याणना मार्गमां जुठी रचना करीने उंघती दुनियापर दया करी छे

તથા બંને લોકના અર્થે ઉપદેશ કર્યો છે એ ઋષભદેવને અમારા નમસ્કાર છે.

श्री ब्रह्माण्डपुराण ग्रन्थ ।

नाभिस्तुजनयेत्पुत्रं मरूदेव्यांमनोहरम् ।
ऋषभं क्षत्रिय श्रेष्टं सर्वक्षत्रस्यपूर्वकं ॥
ऋषभात्भारतोयज्ञे बीरपुत्रशताग्रजः ।
अभिषिंच्यभरतंराज्ये महाप्राशज्यमाश्रितः ॥

અર્થ—નાભિરાજાને ત્યાં મારૂદેવીથી ઋષભ ઉત્પન્ન થયા જેમનું બહુ સુંદર રૂપ છે, જે ક્ષત્રિયોમાં શ્રેષ્ટ અને સર્વ ક્ષત્રિયોના પહેલા છે. અને ઋષભના પુત્ર ભરત પેદા થયા જે વીર છે અને પોતાના સો ભાઇઓમાં મોટા છે. ઋષભદેવે ભરતને રાજ્ય આપીને મહા દીક્ષા ધારણ કરી એટલે તપસ્વી થયા.

ભાવાર્થ—જૈન શાસ્ત્રોમાં આ સર્વ વર્ણન એજ રીતે છે. તેથી એ પણ સિધ્ધ થયું કે જે ઋષભદેવનો મહિમા જૈન ગ્રન્થમાં વર્ણવ્યો છે તેજ ઋષભદેવને હિંદુઓએ અવતાર ગણ્યો છે.

श्री महाभारत ग्रन्थः।

युगेयुगेमहापुण्या दृश्यतेद्वारिकापुरी।
अवतीर्णोहरिर्यत्र प्रभासशशि भूषणाः॥
रेवताद्रेजिनोनेमिर्युगादिर्विमलाचले।
ऋषीणामाश्रमादेव मुक्तिमार्गस्यकारणं॥

અર્થ—યુગ યુગમાં દ્વારિકાનગરી મહા ક્ષેત્ર છે જેમાં હરિનો અવતાર થયો છે જે આકાશમાં ચંદ્રમાની માફક શોભે છે. અને ગિરનાર પર્વતપર નેમિનાથ અને કૈલાશ પર્વતપર આદિનાથ અર્થાત્ ઋષભદેવ થયા છે. એ ક્ષેત્ર ઋષીઓના આશ્રમ થવાથી મુક્તિ માર્ગનાં કારણ છે.

ભાવાર્થ—શ્રી નેમિનાથ સ્વામી પણ જૈનીઓના તિર્થંકર છે અને શ્રી ઋષભનાથને આદિનાથ પણ કહે છે કેમકે એ આ ચોવિશીના પહેલા તીર્થંકર છે.

श्री नागपुराण ग्रन्थ।

दर्शयन्वर्त्मवीराणां सुरासुर नमस्कृतः
नीतित्रयस्यकर्तायो युगादौप्रथमोजिनः

सर्वज्ञः सर्वदर्शीच सर्वदेवनमस्कृतः

छत्रत्रयोभिरापूज्य मुक्तिमार्गमसौवदन् ॥१॥

आदित्यप्रमुखासर्वे बद्धांजलभिरीशितु।

ध्यायंतिभावतोनित्यं यदांघ्रियुगनीरजं ॥

कैलाशविमलेरम्ये ऋषभायाजिनेश्वरः

चकारस्यावतारंयो सर्वःसर्वगतःशिवः ॥ २ ॥

અર્થ—વીર પુરૂષોને માર્ગ બતાવે છે, સુર અસુર જેને નમસ્કાર કરે છે, જે ત્રણ પ્રકારની નીતિના બનાવનાર છે એવા યુગની શરૂઆતમાં પ્રથમ જિન અર્થાત્ આદિનાથ ભગવાન થયા. સર્વજ્ઞ સર્વને જાણનાર, સર્વને જોનાર, સર્વદેવોના પૂજનીક, ત્રણ છત્રથી પૂજ્ય, મોક્ષ માર્ગનું વ્યાખ્યાન કરનાર, અને સુર્ય વગેરે સર્વ દેવતા હમેશાં હાથ જોડીને ભાવથી જેના ચરણ કમળની રજનું ધ્યાન ધરે છે; એવા ઋષભ જીનેશ્વરે નિર્મળ કૈલાશ પર્વતપર અવતાર ધારણ કર્યો છે જે સર્વ વ્યાપી છે અને કલ્યાણ રૂપ છે.

ભાવાર્થ-જિન અર્થાત્ જિનેશ્વર ભગવાનને કહે છે; જિન ભાષિત અર્થાત્ ભગવાનનો કહેલો મત તેથી જિનમત કે જૈન મત કહેવાય છે; ઉપર કહેલા શ્લોકોમાં શ્રી ઋષભનાથ અર્થાત્ આદિનાથ ભગવાનને જિનેશ્વર કહીને મહિમા કહ્યા છે.

शिवपुराण ।

अष्टषष्टिषुतीर्थेषु यात्रायांयत्फलंभवेत्।

आदिनाथस्यदेवस्य स्मरणेनापितद्भवेत् ॥

અર્થ-અડસઠ (૬૮) તીર્થોની જાત્રા કરવાથી જેટલું ફળ થાય છે, તેટલુંજ ફળ આદિનાથનું સ્મરણ કરવાથી થાય છે.

ऋग्वेद ।

ॐ त्रैलोक्य प्रतिष्ठितानां चतुर्विंशतितीर्थकराणां।

ऋषभादिवर्द्धमानान्तानां सिद्धानांशरणंप्रपद्ये ॥

અર્થ-ત્રણ લોકમાં પ્રતિષ્ઠિત શ્રી ઋષભદેવથી માંડીને શ્રી વર્ધમાન સ્વામી સુધી ચોવીશ તીર્થંકરોને શરણે જાઉં છું જે સિધ્ધ છે. અને સિધ્ધ ભગવાનને શરણે જાઉં છું.

ભાવાર્થ-જૈન ધર્મમાં પ્રથમ તીર્થંકર શ્રી ઋષભ-
દેવ અને છેલ્લા તીર્થંકર શ્રી વર્દ્ધમાન અર્થાત્ શ્રી મ-
હાવીર સ્વામી છે. એ રીતે ચોવીશ તીર્થંકરનું વર્ણન
કર્યું છે તે સિદ્ધ અવસ્થામાં છે અને તેમનેજ હિંદુઓનો
પ્રાચિન ગ્રન્થ જે ઋગ્વેદ તેજ ગ્રન્થમાં નમસ્કાર કર્યા છે.

यजुर्वेदમાં એવું લખ્યું છે.

ओंऋषभपवित्रंपुरुहूतमध्वरं यज्ञेषुनग्नं-
परममाह
संस्तुतंबारंशत्रुंजयंतंपुश्रुरिंद्रमाहूरितिस्वाहा ।
ओंत्रातारमिदंऋषभंवदंति अमृतारमिन्द्रहवे
सुगतं
सुपार्श्वमिन्द्रंहवेशक्रमाजितं तद्वर्द्धमानपुरुहूतमिं
द्रमाहुरितिस्वाहा ।
ओंस्वस्तिनः इन्द्रोवृद्धश्रवास्वस्तिनः पूषाविश्व
वेदाः स्वस्तिनस्तार्क्ष्यो-

**अरिष्टनेमिः स्वस्तिनो बृहस्पति र्दधातु। दी-
र्घायुस्त्वा यवलायु-
र्वाशुभजातायु ओंरक्षरक्षअरिष्टनेमिस्वाहा॥**

અર્થ-ઋડષભદેવ પવિત્રને, અને ઈંદ્રિરૂપી અધ્વરને, યજ્ઞોમાં નગ્નને, કર્મરૂપી શત્રુને જીતનારને આહુતિ આપું છું. રક્ષણ કરનાર ઋડષભદેવ, અમૃત, સુગત, સુપાર્શ્વ ભગવાન, અજીતનાથ ભગવાન અને વર્ધમાન સ્વામીને આહુતિ આપું છું; વૃધ્ધશ્રવા (ઈંદ્ર) કલ્યાણ કરો, વિશ્વદેવા (સુર્ય) અમારૂ કલ્યાણ કરો, અરિષ્ટનેમિ ભગવાન અમારૂ કલ્યાણ કરો, બૃહસ્પતિ અમારૂ કલ્યા-ણ કરો; દીર્ધાયુષી કરો, અને બળ તથા શુભ મંગલ આપો; હે અરિષ્ટનેમિ મહારાજ અમારૂ રક્ષણ કરો.

ભાવાર્થ શ્રી ઋડષભદેવ, શ્રી સુપાર્શ્વ ભગવાન, અજીતનાથ ભગવાન, વર્ધ્ધમાન સ્વામી અને અરિષ્ટ-નેમિ ભગવાન એ સર્વ જૈનીઓના તીર્થંકર છે જેમની મૂર્તિ જૈની લોક બનાવે છે અને ભકિત કરે છે. યજુ-ર્વેદના આ સુત્રમાં નગ્ન એવી પ્રશંસા પણ એ ભગ વાનની કરી છે.

भागवत ग्रंथ।

एवमनुशास्यात्मजान्स्वयमनुशिष्टानपिलोकानु-
शासनार्थमहानुभाव परमसुहृद् भगवान्
ऋषभाय
देशः उपशमशीलानामुपरतकर्म्मणांमहामुनीनां
भक्ति
ज्ञानवैराग्यलक्षणं। पारमहंस्यंधर्म्ममुपाशिक्ष
माणः
स्वतनयशतज्येष्ठंभगवज्जनपरायणंभरतंधर-
णिपाल
नायाभिषिच्यस्वयं नग्नरावोर्वरितशरीरमात्र
परिग्रह
उन्मत्तइवगगनपरिधानप्रकीर्णकेशःआत्मन्यारो
पिताहवनीयोब्रह्मावर्त्तात्प्रवशाज॥

અર્થ—એ ઋષભદેવ ભગવાને એ રીતે પોતાના

છોકરાને સમજાવ્યા તેમના છોકરા હજુ પણ પોતે જ્ઞાનવાન છે, તો પણ લોક રીતિથી સમજાવીને મહાત્મા પરમમીત્ર ભગવાન ઋષભદેવ શાંતપરિણામી જેણે કર્મનાશ કર્યાં છે, ભક્તિવાન, જ્ઞાનવાન, વૈરાગી, મહામુનીશ્વરમાં પરમહંસ, ધર્મ ઉપદેશ આપનાર અને સોમુખમાં મોટા મનુષ્યમાં તત્પર એવા ભરતને પૃથ્વી પાળવાને રાજ્ય આપી અને પોતે ફક્ત શરીરજ પરિગ્રહ રાખીને કેશ નોચ કરીને જેણે નગ્ન આત્મામાં બ્રહ્મસ્વરૂપ સ્થાપ્યું છે તે ઉન્મત્તની માફક પૃથ્વીપર ફરતાં પણ અમારી રક્ષા કરો.

જૈન ધર્મ, જૈન ગુરૂ અને જૈન દેવની મોટાઈ હિંદુ શાસ્ત્રોમાં એ રીતે કહેલી છે.

भर्तृहरिशतक वैराग्यप्रकरण।

एकोरागिपुराजतेपियतमा देहर्द्धधारीहरी।
नीरागेषुजितोविमुक्तललना सांगोनयस्मात्पर:॥
दुर्व्वारस्मरवाणपन्नगविषयासक्तमुग्धोजन:।
शेष:कामविडंबितोहिविषयान् भोक्तुंनमोक्तुंक्षम:।

અર્થ—પોતાની પ્યારી સ્રીનું અર્ધું શરીર ધારણ

કરેલા રાગી પુરૂષો (સંસારમાં આશકત પુરૂષો) માં એક શિવજ શોભે છે, અને વીતરાગીઓમાં જેમણે સ્ત્રીનો સંગ પણ છોડી દીધો છે એવા જીવદેવથી કોઈ ચઢે એમ નથી, એ પરમ વીતરાગી જીનદેવથી જે ભીન્ન પુરૂષ છે તે કામદેવરૂપી વિષથી પ્રાપ્ત થએલો પુરૂષ વિષયોને છોડવાને સમર્થ નથી અને ભોગવવાને સમર્થ નથી.

ભાવાર્થ—આમાં શિવને પરમરાગી અને જિન ભગવાન અર્થાત્ જૈનીઓના દેવને પરમ વીતરાગી કહીને પ્રશંસા કરી છે અને રાગ એટલે વિષય ભોગની નિંદા કરી છે.

योगवासिष्ट प्रथम वैराग्य प्रकरण ।

नाहं रामो नमे वांछा भावेषु च न मे मनः ।
शान्तिमास्थातुमिच्छामि चात्मनैव जिनोयथा ॥

અર્થ—રામજી કહે છે કે હું રામ નથી, મારે કંઈ ઇચ્છા નથી અને મારૂ મન પદાર્થોમાં નથી, હું ફકત એ ઇચ્છું છું કે જિનદેવની માફક મારા આત્માને શાંતિ થાય.

ભાવાર્થ—રામજીએ જિન ભગવાનના જેવા થવાની ઇચ્છા કરી તેથી જણાય છે કે જિનદેવ એટલે જૈન ધર્મ રામજીના સમય પુર્વે હતો એટલે તે વેદાન્તની શાખા નથી.

दक्षिणामूर्त्ति सहस्रनाम ग्रन्थ।

शिव उवाच। जैनमार्गरतोजैनो जितक्रोधो जितामयः ॥

અર્થ—શિવ કહે છે કે જૈન માર્ગમાં રતિ (પ્રેમ) કરનાર તે જૈની ક્રોધને જીતનાર અને રોગોને જીતનાર છે.

ભાવાર્થ—અહીં ભગવાનનાં નામ વર્ણન કર્યા છે અને તેમાં બતાવ્યું છે કે જૈન માર્ગ અર્થાત જૈન ધર્મનો અનુયાયી છે તે જૈની છે.

वैशंपायनसहस्रनाम ग्रन्थ।

कालनेमि महावीरः शूरः शौरिर्जिनेश्वरः।

અર્થ—ભગવાનનાં નામ આ રીતે વર્ણન કર્યાં છે. કાલનેમિને મારનાર વીર ભગવાન, કૃષ્ણ અને જિનેશ્વર.

महिम्नस्तोत्र ।

तत्र दर्शने मुख्यशक्ति रिति च त्वं ब्रह्म
कर्मेश्वरी ।
कर्त्ताऽर्हन्पुरुषोहरिश्च सविता बुधःशिवस्त्वंगुरुः ।

અર્થ—ત્યાં દર્શનમાં મુખ્ય શક્તિનું પ્રથમ કારણ તુ છે, અને બ્રહ્મ (વ્યાપક પરમાત્મા) પણ તુ છે, માયા પણ તુ છે, કર્તા પણ તુ છે, અર્હન્ પણ તુ છે, પુરૂષ (જીવ), હરિ (વિષ્ણુ), સુર્ય (પ્રેરક) બુધ (ચન્દ્રપુત્ર), અને મહાદેવ પણ તુ છે.

ભાવાર્થ—અહીં અર્હનેન તુ છે એવું કહી ભગવાનની સ્તુતિ કરી છે

हनुमन्नाटक ।

यंशैवाः समुपासते शिव इति ब्रह्मेति वेदान्तिनो ।
बौद्धाबुद्ध इति प्रमाणपटवः कर्त्तेति नैयायिकाः ॥
अर्हन्नित्यथजैनशासनरताः कर्म्मेति मीमांसकाः
सोऽयंवोविदधातु वाञ्छितफलं त्रैलोक्यनाथः
प्रभुः ॥

અર્થ—જેને શૈવ (શીવમાગી) લોક મહાદેવ કહીને ઉપાસના કરે છે, જેને વેદાન્તિ લોક બ્રહ્મ (વ્યાપક પરમેશ્વર) કહીને, બૌદ્ધ લોક બુદ્ધ દેવ કહીને, યુક્તિ શાસ્ત્રમાં (પુનઃપ્રમાણમાં) ચતુર નૈયાયિક લોક જેને કર્ત્તા કહીને અને જૈનમતવાળા જેને અર્હન્ત કહીને માને છે અને મીમાંસક જેને કર્મરૂપ વર્ણન કરે છે તે ત્રણ લોકના સ્વામી તમને વાંછિત ફળ (સિધ્ધ કામના) આપો.

भवानी सहस्त्रनाम ग्रंथ ।

कुंडासना जगद्धात्री बुद्धमाता जिनेश्वरी ।
जिनमाता जिनेंद्रा च शारदाहंसवाहिनी ।

અર્થ—ભવાંનીનાં નામ એવાં વર્ણન કર્યાં છે; કુંડાસના, જગતની માતા, બુધ્ધદેવની માતા, જિને શ્વરી, જિનદેવની માતા જિનેંદ્રા, સરસ્વતી હંસ જેની સ્વારી છે.

એ રીતે ગણેશપુરાણ અને વ્યાસ કૃત સુત્રમાં પણ જૈનીઓનું વર્ણન છે જેથી જૈનમતની પ્રાચિનતા પ્રકટ થાય છે.

नगरपुराण.

अकारादि हकारान्तं मूर्द्धाधोरेफसंयुतं ।
नादबिंदुकलाक्रान्तं चन्द्रमंडलसान्निभं ।
एतद्देवंपरं तत्त्वं योविजानातिभावतः ।
संसारबन्धनंछित्वा सगच्छेत्परमांगातिम् ॥

અર્થ—શરૂઆતમાં અકાર અને છેવટમાં હકાર અને ઉપર નીચે રકાર અને નાદબિંદુ સહિત ચન્દ્રમંડલ (ચંદ્રનુ બિંબ) જેવા અર્હ્ જે શબ્દ છે તે પરમતત્ત્વ છે એને જે કોઇ યથાર્થ રૂપથી જાણે છે તે સંસારના બંધનથી છુટીને પરમગતિ (મુક્તિ)ને પામે છે.

ભાવાર્થ—અહીં અર્હંત પદનો મહિમા વર્ણવ્યો છે.

नगरपुराण ।

दशभिर्भोजितैर्विप्रैर्यत्फलं जायतेकृते ।
मुनिमर्हन्तभक्तस्य तत्फलं जायतेकलौ ॥

અર્થ—સતયુગમાં દશ વિપ્રને ભોજન આપવાથી જે ફલ થાય છે તેજ ફળ કલિયુગમાં અર્હંતની ભક્તિ કરવાથી અથવા મુનિને ભોજન આપવાથી થાય છે.

मनुस्मृति ग्रन्थ।

कुलादिबीजंसर्वेषांप्रथमोविमलवाहनः ।
चक्षुष्मान्यशस्वीवाभिचन्द्राथप्रसेनजित् ॥
मरुदेवीचनाभिश्चभरतःकुलसत्तमः ।
अष्टमोमरुदेव्यातुनाभेर्जातउरूक्रमः ॥
दर्शयन्वर्त्मवीराणां सुरासुरनमस्कृतः ।
नीतित्रयस्यकर्त्तायोयुगादौप्रथमोजिनः ॥

અર્થ—સર્વ કુળમાં પ્રથમ કારણ પહેલા વિમલવાહન નામે અને ચક્ષુષ્માન્ એવા નામવાળા અને અભિચન્દ અને પ્રસેનજિત મરૂદેવી અને નાભિનામવાળા અને કુળમાં શ્રેષ્ઠ ભરત અને આઠમા મરૂદેવી અને નાભિના પુત્ર ઉરૂક્રમ નામવાળા; એ ઉરૂક્રમ વીરોને માર્ગ બતાવનાર દેવ, દૈત્યોથી નમસ્કાર પામેલા અને યુગની શરૂઆતમાં ત્રણ પ્રકારની નીતિના રચનાર પહેલા જિન ભગવાન (જૈન દેવ) થયા.

ભાવાર્થ—અહીં વિમલવાહન વગેરે મનુ કહે છે

જૈનમતમાં એમને કુલકર કહ્યા છે અને અહીં યુગની શરૂઆતમાં જે અવતાર થયા છે તેને જિન અર્થાત જૈન દેવ લખ્યા છે તેથી જણાય છે કે જૈનધર્મ સૌથી શરૂઆતનો છે.

નગ્ન અવસ્થાની પ્રશંસા એ રીતે અન્યમતના ગ્રન્થોમાં બીજે પણ કરી છે.

प्रभासपुराण ।

भवस्य पश्चिमेभागे वामनेनतपःकृतम् ।
तेनैव तपसाकृष्टः शिवःप्रत्यक्षतांगतः ॥
पद्मासनसमासीनः श्याममूर्तिर्दिगम्बरः ॥
नेमिनाथःशिवोऽथैवं नामचक्रेऽस्यवामनः॥
कलिकालेमहाघोरे सर्वपापप्रणाशनम् ।
दर्शनात्स्पर्शनादेव कोटियज्ञफलप्रदम् ॥

અર્થ–શિવજીના પશ્ચિમ (પાછલા) ભાગમાં વામને તપ કર્યું હતું; એ તપને લીધે મહાદેવ વામનને પ્રત્યક્ષ મળ્યા, કયા રૂપમાં પ્રત્યક્ષ મળ્યા કે પદ્માસન

સમાવેલા, શ્યામ વરણ અને નગ્ન, ત્યારે વામને એમનું નામ નેમિનાથ રાખ્યું; એ નામ આ ભયંકર કલિયુગમાં સર્વ પાપનો નાશ કરનાર છે અને એમના દર્શન અને સ્પર્શથી કરોડ યજ્ઞનું ફળ થાય છે.

ભાવાર્થ શ્રી નેમિનાથ ભગવાન પણ જૈનીઓના તીર્થંકર છે અને જૈન ધર્મના ગ્રન્થોમાં એમનો વર્ણ શ્યામ લખ્યો છે; આ પ્રભાસ પુરાણમાં એમને શિવજીનો અવતાર અને નગ્ન અવસ્થા વર્ણન કરીને પ્રશંસા કરી છે.

वाराही संहिता।

आजानुलम्बबाहुकार्य्य श्रीवत्सांकंप्रशांतिमूर्तिः
जितेंद्रियदिग्वासातरुणरूपवान् ईदृशीप्रतिमा-
कार्य्या ॥

અર્થ—જાંગ (ઘુંટણ) સુધી લાંબા હાથ અને છાતીમાં શ્રી વત્સચિન્હ, શાંતમુર્તિ, રાગદ્વેષવિના નગ્ન તરૂણ અવસ્થા, રૂપવાન, એવી મુર્ત્તિ બનાવવી જોઇએ.

ભાવાર્થ—અહીં એવીજ નગ્ન મુર્ત્તિ બનાવવાની આજ્ઞા કરી છે જેવી જૈની લોક બનાવે છે.

ऋग्वेद ।

ओंपवित्रंनग्नमुपाविप्रसामहेयेषानग्नाजातिर्ये-
षाबीरा ॥

અર્થ અમે લોક પવિત્ર પાપથી બચાવનાર નગ્ન દેવને પ્રશન્ન કરીએ છીએ જે નગ્ન રહે છે અને બલ-વાન છે.

ऋग्वेद ।

ओंनग्नंसुधारंदिग्वाससं ब्रह्मगर्द्भंसनातनं उपैमि।
वीरंपुरुषमर्हंतमादित्यवर्णं तमसः पुरस्तात्स्वाहा

અર્થ—નગ્ન, ધીર, વીર, દિગમ્બર, બ્રહ્મરૂપ, સના-તન, અર્હંત, આદિત્ય વર્ણ પુરૂષને શરણે રહું છું.

महाभारत ग्रन्थ ।

आरोहस्वरथंपार्थगांडीवंचकरेकुरुनिर्जिता
मेदिनीमन्येनिर्ग्रंथायादिसन्मुखे ॥

અર્થ—હે યુધિષ્ઠિર રથમાં સવાર થા અને ગાંડીવ ધનુષ્ય હાથમાં લે; હું માનું છું કે જેની સામા નગ્ન મુનિ આવ્યા તેણે પૃથ્વી જીતી.

मृगेंद्रपुराण ।

श्रवणोनरगोराजामयूरःकुंजरोवृषः
प्रस्थानेचप्रवेशेवा सर्वसिद्धिकरामता ॥
पद्मिनीराजहंसश्च निर्ग्रंथाश्चतपाधनाः
यंदेशमुपाश्रयंति तत्रदेशसुखंभवेत् ॥

અર્થ–મુનીશ્વર, ગાય, રાજા, મોર, હાથી, બળદ એ ચાલતી વખતે તથા પ્રવેશ કરતી વખતે સામે આવે તો શુભ છે અને કમલની, રાજહંસ, નગ્નમુનિ જે દેશમાં છે તે દેશમાં સુખ છે.

રાત્રે ભોજન ન કરવું અને ગાળ્યા વિના પાણી ન પીવું વગેરે વિષયો માટે અન્યમતના ગ્રન્થોમાં એવું લખ્યું છે.

महाभारत ग्रन्थ ।

मद्यमांसाशनंरात्रौ भोजनंकन्दभक्षणं।
येकुर्वंतिवृथातेषांतीर्थयात्राजपस्तपः ॥
वृथाचएकादशी प्रोक्ता वृथाचजागरणंहरेः ।
वृथाच पौष्करीयात्रा वृथाचन्द्रायणंव्रतं ॥

અર્થ—જે કોઈ મદિરા પીતો હોય, માંસ ખાતો હોય કે રાત્રિએ ભોજન કરતો હોય કે કન્દ [ધરતીની નીચે જે વસ્તુ પેદા થાય છે તે આલુ, મુળા, આદુ, ગાજર વગેરે] ખાતો હોય તે પુરૂષનાં તીર્થયાત્રા જપ તપ સર્વ નકામા છે. જે પુરૂષ રાત્રે જમે છે તે પુરૂષનાં એકાદશી વ્રત નિષ્ફળ છે, રાત્રિમાં હરિનું જાગરણ કરણું નકામું છે, પુષ્કર તીર્થની યાત્રા પણ વ્યર્થ છે અને ચંદ્રાયણ વ્રત પણ નિષ્ફળ જાય છે.

मार्कंडेयपुराण ।

अस्तंगतेदिवानाथे अपारुधिरमुच्यते ।
अन्नमांससमंप्रोक्तं मार्कंडेयमहर्षिणा ॥

અર્થ—સુરજના અસ્ત થયા પછી પાણી રૂધિર જેવું અને અનાજ માંસ જેવું કહ્યું છે.

भारत ग्रन्थ ।

चत्वारोनरकद्वारं प्रथमंरात्रिभोजनं ।
परस्त्रीगमनचैव संधानानंतकायकं ॥
यराश्रौसर्वदाहारं वर्जयंतेसुमेधसः ।

तषापक्षोपवासस्य मासमेकेनजायते ॥
नोदकमपिपीतव्यं रात्रावत्रयुधिष्ठर: ।
तपस्विनोविशेषेण गृहिणांचविवेकिनां ॥

અર્થ—નરકનાં ચાર દ્વાર છે, પ્રથમ રાત્રે ભોજન કરવું, બીજું પરસ્ત્રીગમન, ત્રીજું સંધ્યા વખતે ખાવું, ચોથું અનંતકાય એટલે કંદમૂળ વગેરે વસ્તુ ખાવી જેમાં અનંત જીવ છે; જે પુરૂષ એક માસ સુધી રાત્રે ભોજન ન કરે તેને એક પખવાડીઆના અપવાસનું ફળ થાય છે, હે યુધિષ્ઠર ગૃહસ્થને અને વિશેષે કરીને તપસ્વીને રાત્રે પાણી પણ ન પીવું જોઇએ.

मृतेस्वजनमात्रेपि सूतकंजाजतेकिल ।
अस्तंगतेदिवानाथे भोजनंक्रियतेकथं ॥
रक्ताभवंतितोयानि अन्नानिपिशितानिच
रात्रौभोजनसक्तस्य ग्रासेतन्मांसभक्षणं ॥
नैवाहूतीर्नचस्नानं नश्राद्धदेवतार्चनं ।
दानंचविहितंरात्रौ भोजनंतुविशेषत: ॥

उदंबरं भवेत्मांसं मांसंतोयमवस्त्रकं ।
चर्म्मबारोभवेत्मांसे मांसेचनिशिभोजनं ॥
उलूककाकमार्जारा गृध्रशंबरशूकराः ।
अहिवृश्चिकगोधाद्या जायन्तेनिशिभोजनात् ॥

અર્થ—જેમ પોતાના માણસના મરણ માત્રથી સૂતક થાય છે તેમજ સૂર્ય આથમ્યા પછી રાત્રે સુતક થાય છે તે માટે રાત્રે કેવી રીતે ભોજન કરવાનું ઉચિત છે ? રાત્રે પાણી રૂધિર જેવું થઈ જાય છે અને અનાજ માંસ જેવું થાય છે તેથી રાત્રિ વિષે ભોજન લંપટીને એક ગ્રાસ (કોળીઓ) પણ માંસ ભક્ષણ જેવું થાય છે; રાત્રિ વિશે આહુતિ, સ્નાન, શ્રાધ્ધ, દેવાર્ચન તથા દાન ત્યાજ્ય છે તો ભોજન તો ત્યાજ્ય હોય એમાં શું નવાઈ! ઉદંબરફળ એટલે વડનું ફળ, પીપળનું ફળ, પીલુડાનાં ફળ, ગુલરનાં ફળ, વગેરે માંસ સમાનજ છે.

અને રાત્રે ભોજન કરવું પણ માંસ છે; રાત્રે ભોજન કરવાથી બિલાડી, ઉલ્લુ, કબ્વા, ગિધ્ધ, સુવર સાપ, વીંછી, ગોહરા, ગોહ વગેરેમાં જન્મ થાય છે.

मेधांपिपिलिका हान्ति पूकाकुर्य्याज्जलोदरम् ।
कुरुते मक्षिका वान्ति कुष्टरोगंचकोलिकः ॥

અર્થ– રાત્રે ભોજન કરવાથી બહુ ભારે નુકશાન થાય છે; ખાવામા કીડી આવે તોતે ખાનારની બુદ્ધિનો નાશ થાય છે, જો જુ ખાવામાં આવે તો પેટમાં જલોદર રોગ થાય છે, જો માંખ આવે તો તેને ઉલટી થાય છે અને જો ધરોળી (*lizard*) ખાવામાં આવે તો તે ખાનારને કુષ્ટ રોગ થાય છે.

मद्यमांसाशनंरात्रौ भोजनंकंदभक्षणं ।
भक्षणान्नरकंयांति वर्ज्जनात्स्वर्गमामुयात् ॥
अज्ञानेनमयादेव कृतंमूलकभक्षणं ।
तत्पापंयांतुगोविंदंलवकीर्तनात् ॥
रसोनंगृंजनंचैव पलांडूपिंडमूलकं ।
मत्स्यामांसंसुराचैव मूलकंचविशेषतः ॥

અર્થ–દારૂ પીવાથી, માંસ ખાવાથી, રાત્રે ભોજન કરવાથી અને કંદ ભક્ષણ કરવાથી જીવ નરકમાં જાય છે; અને ત્યાગવાથી સ્વર્ગમાં જાય છે. હે ગોવિન્દ મેં

અજ્ઞાનથી મુલ એટલે મુળા, ગાજર વગેરે ખાધુ છે એ પાપ તમારા સ્તવનથી દુર થાય; લસણ, ગાજર, કુંગળી, પિંડાલુ, મુળ, મચ્છી, માંસ, મદિરા અને ઘણું કરીને મુલનો ભક્ષણ કરવો નહિ.

शिवपुराण ।

यस्मिन्गृहेसदानित्यं मूलकंपाच्यतेजनैः ।
स्मशानतुल्यतद्वेश्म पितृभिपरिवर्जितं ॥
मूलकेनसमंचान्नं यस्तुभुक्तेनरोऽधमा ।
स्तस्यशुचिर्नविद्येत चंद्रायणशतैरपि ॥
भुक्तंहालाहलंतेन कृतंचाभक्षभक्षणं ।
वृत्ताकभक्षणाच्चापि नरायातिरौरवं ॥

અર્થ—જેને ઘેર હમેશાં મુલ રંધાય છે તેનું ઘર પ્રેતવગર સ્મશાન જેવું છે. જે મનુષ્ય મુલ સાથે ભોજન ખાય છે તેને એકસો ચંદ્રાયણ વ્રત કરવાથી પણ પાપ દુર થતું નથી, તે માંસ સમાન છે જેણે અભક્ષ ભક્ષણ કર્યું તેણે હળાહળ ઝેર ભક્ષણ કર્યું અને જેણે રંગણ ખાધાં તે પુરૂષ રૌરવ નરકમાં જાય છે.

इति धर्मप्रबोधनी समाप्त.

શુધ્ધિપત્ર.

પાનું.	લીટી.	અશુદ્ધ	શુદ્ધ.
૩	૧૭	મુર્તિ	મૂર્તિ
૪	૧૩	મુર્તિ	મૂર્તિ
,,	૧૬	મુર્તિનુ	મૂર્તિનુ
૫	૬	नगच्छेज्जिन मंदिरम	नगच्छेज्जिनमंदिरम
૬	૧૩	ભ્રષ્ટ	ભ્રષ્ટ
૭	૪	સરરહુ	સદરહુ
૯	૩	તિર્થંકર	તીર્થંકર
૧૦	૬	शताग्रजः	शताग्रजः
૧૧	૨	दश्यते	दृश्यते
,,	૧૩	તિર્થંકર.	તીર્થંકર
૧૩	૧૪	प्रयद्ये	प्रपद्ये
,,	૧૬	વર્ધમાન	વર્દ્ધમાન
૧૪	૯	माहुरिति	माहुरिति
,,	૧૪	स्वरितन:	स्वस्तिनः
,,	૧૫	स्वातिन	स्वास्तिन
૧૭	૩	પરમભીત્ર	પરમમિત્ર
૧૭	૧૪	देहर्द्ध	देहार्द्ध
,,	૧૭	क्षम।	क्षमः॥

૧૮	૧૪	भिच्छआमि	मिच्छामि
,,	૧૮	श ांति	शांति
૧૯	૧૪	बग्रन्थ	ग्रन्थ
૨૦	૮	સુર્યં	સૂર્ય
,,	૧૦	અર્હનેનૂ	અર્હન્ને
૨૧	૩	બૌદ્દ	બૌદ્ધ
,,	,,	બુદ્દ	બુદ્ધ
૨૯	૧૬	जाजते	जायते
,,	૧૫	देवताचंर्न	देवतार्चनं
૩૧	૧૦	मामुयात्	माप्नुयात्
,,	૧૨	यांतु	यातु
,,	,,	गोर्यिदं	गोर्विंद
૩૨	૭	पितृभि	पितृभिः
,,	૬	धमा	धम

અગાઉથી ગ્રાહક થઈ આશ્રય આપનાર ગૃહસ્થોનાં મુબારક નામ.

બોરસદ.

૫ શા. મોતીલાલ ભાઈજી.
૫ શા. ચુનીલાલ જેસંગભાઈ.
૫ શા. ભોગીલાલ ભાઈલાલ.
૫ શા. કાળીદાસ જેસંગભાઇ બીન ભાઈજી.
૫ ભટ. મુલજીભાઈ નરભેરામ.
૫ પરી. બેચરદાસ નગીનદાસ.
૫ વકીલ કેશવલાલ છોટાલાલ.
૫ શા. ફુલચંદ નાથાભાઇ.
૪ શા. બેચરદાસ ભવાનીદાસ.
૪ શા. કાળીદાસ જેસંગભાઈ બીન કીસોરદાસ.
૨ શા. બેચરદાસ નાથાભાઈ.
૨ શા. દેવચંદ જેસંગભાઈ
૧ શા. મણીલાલ ફુલચંદ બીડીવાલા.
૧ પરી. ચીમનલાલ વ્રીજવલવદાસ.
૧ શા. વાડીલાલ બાપુલાલ.
૧ વ્યાસ. છગનલાલ ચતુરભાઇ.
૧ શા. ડાહ્માભાઇ તલકચંદ.
૧ શા. મનોરદાસ માંનદાસ.
૧ રામી. લલ્લુભાઈ ગબાડદાસ.
૧ શા. ધરમચંદ તારાચંદ.

૧ શા. રતનલાલ નાગરદાસ ઝરીઆની.
૧ શા. રીખવદાસ કેવળદાસ.
૧ શા. વાડીલાલ વીરચંદ.
૧ શા. સોમચંદ લલુભાઇ. સ્ટામ્પ વેન્ડર.
૧ શા. પોપટલાલ મોટાભાઈ.
૧ શા. નગીનદાસ લખમીચંદ.
૧ શા. શીવલાલ સામળદાસ.
૧ શા. છગનલાલ દામોદરદાસ.
૧ શા. મગનલાલ જેસંગભાઇ.
૧ શા. કીશાભાઇ જેઠાભાઈ.
૧ શા. સોમચંદ નાગરદાસ.
૧ શા. શનાભાઇ ગીરધરલાલ.
૧ શા. કાળીદાસ સુંદરજી.
૧ શા. ચીમનલાલ છોટાલાલ.
૧ શા. કાળીદાસ જેઠાભાઈ.

મુંબાઇ.

૨૫ ગાંધી નાથાભાઈ રંગજી
૧૦ પરી. જેઠાલાલ પ્રેમાનંદદાસ.
૧૦ પરી. પ્રેમાનંદદાસ નારણદાસ.
૫ શા. અમથાલાલ ખીમચંદ
૫ મલુકચંદ ગુલાબચંદ.
૪ શા. રેવચંદ ખીમચંદ.
૪ શા. ત્રીભોવનદાસ રણછોડદાસ.

૪ શા. છોટાલાલ બહેચરદાસ બોરસદવાળા.
૪ શા. જીવણલાલ હુલોચંદદાસ.
૨ ગાંધી છોટાલાલ ઉગરચંદ.
૨ શા. ચુનીલાલ માણેકચંદ

ભીલોડા.

૩૧ શેઠ લલુભાઇ ગુલાબચંદ.
૨૫ શેઠ. રાયચંદ નાનચંદ.
૧૦ શેઠ. તલકચંદ કુબેરદાસ.
૧૦ શા. માણેકલાલ તલકચંદ.

વડુ.

૫ શા. તલકચંદ નંદલાલ.
૨ શા. પ્રેમચંદ સુલજીભાઇ.
૧ શા. ફુલચંદ પીતાંબરદાસ.
૨ શા. દેવચંદ લાલચંદ.
૨ શા. જમનાદાસ તલશીદાસ.
૨ શા. ભીખાભાઈ ઘેલાભાઈ.
૨ શા. હરીભાઈ મંગલદાસ.
૨ શા. પુંજાભાઈ હરગોવનદાસ.
૧ શા. ફુલચંદ જીવાસા.
૧ શા. મોતીલાલ તળશીદાસ.
૧ શા. બેચરદાસ કલ્યાણદાસ.
૧ શા. કેશવલાલ ફુલચંદ.
૧ શા. શેવકલાલ દલપતભાઈ.
૧ શા. ફુલચંદ કલ્યાણભાઈ.

આમોદ.

૨ શા. કાળીદાસ હુરગોવનદાસ.
૨ શા. શંકરલાલ તાપીદાસ.
૨ શા. જેઠાભાઇ માણુકચંદ.
૧ શા. જોઇતાદાસ કેવળદાસ.
૧ શા. હુરજીવનદાસ કાળીદાસ.
૧ સોની દામોદરદાસ ઝવેરદાસ.
૧ શા. શેવકલાલ કેવળદાસ.
૧ શા. ખીમચંદ દીપચંદ.
૧ શા. મોતીલાલ તાપીદાસ.
૧ શા. કસ્તુરચંદ રાયચંદ.
૧ શા. હુરજીવનદાસ રાયચંદ.
૧ શા. છોટાલાલ દલપતભાઇ.
૧ શા. લલુભાઇ દલપતભાઈ.
૧ શા. માણેકલાલ દીપચંદ.
૧ શા. રણછોડદાસ ઝવેરદાસ.

સોજીત્રા.

૨ શા. ચતુરદાસ બહેચરદાસ.
૨ શા. ભગવાનદાસ ઝવેરદાસ.
૨ શા. વૃજલાલ લખમીચંદ.
૧ શા. ઇશ્વરદાસ હુલાચંદ.
૧ શા. પરસોતમ હીમચંદ.
૧ શા. બાઇલાલ પુંજાભાઈ.
૧ શા. મલુકચંદ અમીચંદ.

૧ શા. કલ્યાણદાસ કહાનજી
૧ શા. તલકચંદ નાથાભાઇ.
૧ શા. બાપુજી ઇશ્વરદાસ.
૧ શા. છમનલાલ અંબાઇદાસ.
૧ શા. ભીખાભાઈ સુરચંદ.
૧ શા. નારણદાસ નરોતમદાસ.

વડોદરા.

૨૫ શા. છગનલાલ હરીલાલ.

કડીઆદરા.

૮ શા. તલકચંદ રેવચંદ.
૮ શા. તલકચંદ પાનાચંદ.

દાવોલ.

૩ શા. દામોદરદાસ ઇશ્વરદાસ.
૧ શા. તલશીદાસ તારાચંદ.
૧ શા. વનમાળીદાસ નાહાનચંદ.
૧ શા. પરસોતમદાસ તલકચંદ.
૧ શા. પીતાંબરદાસ ઝવેરદાસ.
૧ શા. નારણદાસ ઇશ્વરદાસ.
૧ શા. મગનલાલ અંબાઇદાસ.
૧ શા. નરસીદાસ તારાચંદ.
૧ શા. ડાહ્યાભાઇ હરકીસનદાસ.
૧ શા. જીવાભાઇ હરીભાઇ.
૧ શા. પરશુલાલ શીવલાલ.

વડચ.

૧ શા. બેચરલાલ મગનલાલ.
૧ શા. શીવલાલ મુલજીભાઇ.
૧ શા. સોમચંદ હીમચંદ.
૧ શા. માણેકલાલ મગનલાલ.
૧ શા. નાથાભાઇ પરસોતમદાસ.
૧ શા. જેચંદભાઈ મનોરદાસ.
૧ શા. જેસંગભાઇ ગંગાદાસ.
૧ શા. નારણભાઇ મોતીભાઈ.
૧ શા. મંગળદાસ નાથાભાઇ.
૧ શા. હરજીવનદાસ જેચંદભાઈ.
૧ શા. ભાઇજી નાથાભાઇ.

ડભકા.

૮ શા. ત્રીભોવનદાસ અમથાશા.
૨ શા. છગનલાલ વીઠલદાસ

પુરસા.

૫ શા. છગનલાલ દેવચંદ.
૧ શા. વીઠલદાસ ફુલચંદ.

અગોર.

૫ શા. કેવળદાસ બેચરદાસ.
૧ શા. ભગવાનદાસ વીઠલદાસ,

આંકલાવ.
૫ શા. ફુલચંદ શીવચંદ.

છતરાલ.
૫ શા. ગુલાબીદાસ દલીચંદ.

પરીએજ.
૨ શા. ફુલાભાઈ બેચરદાસ.
૧ શા. રણછોડદાસ લલુભાઈ.
૧ શા. મોહનલાલ નગીનદાસ.
૧ શા. ત્રીભોવનદાસ જગજીવન.

ગોરલ.
૫ કોઠારી. લક્ષ્મીચંદ ગુલાબચંદ.

ઈલીચપુર.
૫ મુનીમ. બાપુરાવ આગરકર સિદ્ધક્ષેત્ર મુગ્તાગિરી

વાઘરા.
૩ રા. રા. જેસંગભાઈ ગુલાબચંદ સે. ક. માજીસ્ટ્રેટ
૧ શા. મોતીલાલ હરજીવનદાસ.

ચોરીવાડ.
૪ શા. તલકચંદ ફુલચંદ.

બાકરોલ.
૧ શા. મોતીલાલ ત્રીકમલાલ માળવી.
૧ શા. ત્રીભોવનદાસ જેચંદભાઈ.

૧ શા. મગનલાલ છગનલાલ.
શા. હરીલાલ છોટાલાલ.

છાલા.

૧ શા. મોતીચંદ દલુચંદ.
૧ શા. પુંજીરામ દલુચંદ.
૧ શા. રાયચંદ સાંકલચંદ.
૧ શ્રી છાલાના દેરાશર ખાતે.

રૂદેલ.

૧ શા. હરકસનદાસ બાપુજી.
૧ શા. મગનલાલ ગુલાબચંદ.
૧ શા. તાપીદાસ જાદવજી.
૧ શા. લલુભાઈ માનદાસ.

દાહોદ.

૪ બોગડા. કપુરચદ પુનમચંદ.

વસો.

૧ શા. ફુલચંદ હરગોવનદાસ.
૧ શા. કેશવલાલ ફુલચંદ
૧ શા. ફુલચંદ મગનલાલ.

અંકલેશ્વર.

૨ શા. છોટાલાલ ઘેલાભાઈ.
૧ શા. કેશવલાલ ચુનીલાલ કરમસદવાળા.

માલાવાડા.

૧ શા. પુંજાભાઈ ફુલવદાસ.
૧ શા. ત્રીભોવનદાસ પુંજાભાઈ.
૧ શા. પરસોતમદાસ જેસંગભાઈ.

મેંહરગી.

૧ શા. ફુલચંદ હીરાચંદ કાપડીઆ.
૧ શા. મોતીચંદ વીરચંદ કાપડીઆ.
૧ શા. મોતીચંદ ભવાનચંદ કાપડીઆ.

અમદાવાદ.

૨ શા. માહાસુખરામ દામોદરદાસ.
૧ શા. ભાઈલાલ આશારામ.

કરમસદ.

૧ શા. ચીમનલાલ જીવાભાઈ.
૧ શ્રી દિગંબર જૈનધર્મ હિતેચ્છુ મંડલ.
૧ શા. ખીમચંદ કીલાભાઈ.

આખવેલ.

૧ શા. ડાહ્યાભાઇ જગજીવનદાસ
૧ શા. રાયચંદ અમુલખ.
૧ શા. ઉગરચંદ નથુભાઈ.

જાહર.

૧ શા. પાનાચંદ નાથાભાઈ.

૧ ગાંધી. કાળીદાસ મોતીચંદ.
૧ ગાંધી. લીલાચંદ ફતેચંદ.

તેગવા.

૧ શા. ધરમચંદ કાળીદાસ.
૧ શા. રણછોડદાસ બેચરદાસ.

શીતવાડા.

૧ સંઘવી. ધરમચંદ રાયચંદ.
૧ મહેતા. કાળીદાસ પ્રેમચંદ.

કોઠી.

૨ શા. જેઠાભાઇ રાયચંદ.

તારાપર.

૧ શા. બેચરદાસ પ્રેમચંદ.
૧ શા. મુલજીભાઈ પ્રેમચંદ.

ઈસાજાવ.

૨ શા. નરસીદાસ ગંગાદાસ.

છાણી.

૨ શા. સુરચંદ મનોરદાસ.

ધમાસણા.

૨ વખારીઆ ગુલાબચંદ રગનાથ.

લાલપુર.

૧ શા. કેવળદાસ લખમીચંદ.
૧ શા. દલસુખ મલુકચંદ.

જોલ.

૧ શા. ત્રીભોવનદાસ ભીખાભાઈ કરમસદવાળા
૧ શા. છગનલાલ ગંગાદાસ.

હુંડાકુવા.

૧ શા. ગુલાબચંદ મુલજીભાઈ.

બોચાસણ.

૧ શા. આશાલાલ મુલજીભાઈ.

ભાદરણ.

૧ દેશાઈ. લલુભાઇ વાઘજીભાઈ.

દહેવાણ.

શા. નહાલચંદ રતનચંદ.

લીંબાસી.

૧ શા. નારણદાસ કેવળદાસ.

ચુવા.

૧ શા. જેઠાલાલ તલકચંદ.

દેથળી.

૧ શા. લલુભાઇ જેસંગભાઇ.

નૈઆર.

૧ શા. પાનાચંદ ત્રીભોવનદાસ.

પાલડી.

૧ શા. મગનલાલ અમરચંદ.

રોધ.

૧ શા. ત્રીભોવનદાસ અમથાભાઇ.

પીપળાવ.

૧ શા. બાબરદાસ વૃજલાલ.

મોભા.

૧ શા. મગનલાલ પરસોતમદાસ.

મધરોલ.

૧ શા. ફુલચંદ છગનલાલ.

કાવીઠા.

૧ શા. ચુનીલાલ સેદાજી.

ખાનપુર.

૧ શા. સોમચંદ ફુલચંદ.

બોડેલી.

૧ શા. મોતીલાલ પાનાચંદ.

નીસરપુર.

૧ રા. રા. મનીરામ પુનમચંદ.

ઝાબુવા.

૧ શેઠ. ગોબીલાલજી કસ્તુરચંદ.

જાહેર ખબર.

આ પુસ્તક નીચેના ઠેકાણેથી રોકડી
કિમ્મતે મળશે.

શા. હરજીવનદાસ કાળીદાસ. મુ. આમોદ (ભરૂચ
શા. ચીમનલાલ જીવાભાઈ મુ. કરમસદ (આણંદ).
શા. ભાઈલાલ કપુરચંદ મુ. બોરસદ (ખેડા).
શા. ચતુરદાસ બેચરદાસ. મુ. સોજીત્રા.

મુન્સી નાથુરામ લમેચુ કૃત પુસ્તકનું મુળ સહીત ગુજરાતી ભાષાંતરનું "આલોચના પાઠ (સટીક)" નામનું પુસ્તક રૂ. ૦-૧-૬ ની કિમ્મતનું રોકડી કિમ્મતથી નીચેને સરનામે લખવાથી મળશે. નોટપેટ કાગળ લેવામાં આવશે નહિ. જવાબ માટે ટીકીટ મોકલવી.

બોરસદ.
ખાનગી દવાખાનું. } શા. ભાઈલાલ કપુરચંદ.
કંપાઉન્ડર.